સત્સંગ



# કાલ્પા બૌદ્ધનું ગામ છે. આ ગોમ્પા તેમનું ધર્મસ્થાન અર્થાત્ મંદિર છે!



**મહાભારતનું મનોરૂપ**
**ભાણદેવ**

પુસ્તક છે : - Bardo Thodol (Tribetan Book of The Dead) આ ગ્રંથની રચના ગુરુ પદ્મસંભવે કરી છે. મૂળ તિબેટિયન ભાષામાં અને અંગ્રેજીમાં તો હવે આ પુસ્તક ઉપલબ્ધ છે:

પરંતુ આ પુસ્તકનો હિન્દી અનુવાદ મેં પહેલી વાર જોયો. મેં આ પુસ્તક રસપૂર્વક જોયું. મારો આ પુસ્તકમાં આવો રસ જોઈને તેમણે કોઈક સ્થાને ફોન જોડ્યો. ફોન પર વાત કરીને આ પુસ્તકની બીજી નકલ ઉપલબ્ધ છે કે નહિ, તે જાણી લીધું. તેમને ખાતરી થઈ કે બીજી નકલ તુરત મળી શકશે. એટલે તુરત તેમણે મારા હાથમાંથી પુસ્તક પુનઃ પોતાના હાથમાં લીધું અને પછી મને ભાવપૂર્વક ભેટ આપ્યું. તેમણે “ના” તો કહી; પરંતુ તોપણ મેં થોડું ધન તેમની બાજુમાં મૂકી દીધું. લામાએ મને બીજું પણ એક પુસ્તક બતાવ્યું :

‘ ’. આ પુસ્તક પણ મને તો ગમી ગયું; પરંતુ મેં મારો રસ પ્રગટ ન થવા દીધો. મીઠા ઝાડનાં મૂળ ન કપાય. મારો રસ અપ્રગટ રાખીને તેમને આ પુસ્તક પણ મને આપી દેવા માટે મજબૂર ન કર્યા.

કાલ્પા બૌદ્ધનું ગામ છે. આ ગોમ્પા તેમનું ધર્મસ્થાન અર્થાત્ મંદિર છે! આ ધર્મસ્થાનના વડા આ લામા સમગ્ર ગામના ધર્મગુરુ છે. તેઓ ગૃહસ્થ છે. ગોમ્પાની સાવ સામે જ તેમનું નાનું નિવાસસ્થાન છે. અહીં તેઓ સપરિવાર નિવાસ કરે છે. પોતાની થોડી જમીન છે. તેમાં ખેતી કરાવે છે અને થોડી દક્ષિણા ભેટ ગ્રામલોકો તરફથી મળે છે. આમ તેમનું ગુજરાન ચાલે છે. સંભવતઃ આ તેમનું વંશપરંપરાગત પદ અને કાર્ય છે.

આ સજ્જનનાં વાણી, ચહેરો, વર્તન પરથી લાગે છે કે તેઓ સાત્ત્વિક પુરુષ છે. તેમનો ચહેરો મોંગોલ નહિ; પરંતુ આર્ય ચહેરો જણાય છે. તેમના ગાલ ઊપસેલા નથી, તેમની આંખો ઝીણી નહિ; પરંતુ મોટી છે. તેમનો વર્ણ પીળો નહિ, ઘઉંવર્ણો છે. તેમની નિખાલસતા, સૌમ્યતા અને સાત્ત્વિકતા અમને સ્પર્શી ગઈ છે.

આ સત્સંગના ક્રમમાં મેં ધર્મપુરુષ લામાને એક વાત કહી હિન્દુ ધર્મના ગ્રંથોમાં ભગવાનના ચોવીસ અવતારોની કથા છે. આ ચોવીસ અવતારોમાંનો અંતિમ અવતાર તો બાકી છે અવતાર કલ્કિ ! પરંતુ વિગત ત્રેવીસ અવતારોમાં અમે ભગવાન બુદ્ધને ત્રેવીસમાં અવતાર ગણીએ છીએ. આનો અર્થ સ્પષ્ટ છે કે અમે હિન્દુઓ ભગવાન બુદ્ધને ભગવાનના અવતાર તરીકે સ્વીકારીએ છીએ!

બૌદ્ધ ધર્મદર્શનમાં ભગવાન કે ભગવાનના અવતારો કે ભગવાનની કૃપાને કોઈ સ્થાન ન હોવા છતાં.

મારું આ અવતારકથન સાંભળીને આ ધર્મપુરુષ સહેજ પણ ગૂંચાયા નહિ. વિવાદ કરવાના ભાવથી નહિ; પરંતુ મત અભિવ્યક્ત કરવાના ભાવથી તેમણે કહ્યું, “પ્રત્યેક માનવી જે બને છે તે પોતાનાં કર્મો થકી અને પોતાની સાધના થકી બને છે! ભગવાનની કે કોઈ અન્યની કૃપાથી નહિ !”

તેમણે સાદા નાના એક વિધાન દ્વારા મારા ભગવાન, ભગવાનના અવતાર અને ભગવાનની કૃપાના સિદ્ધાંતનો છેદ ઉડાડી દીધો!

મારી પાસે તેમના આ વિધાનનો પ્રતિવાદ કરી શકાય તેવી દલીલો છે, સમર્થ દલીલો છે; પરંતુ મેં દલીલો ન કરી. દલીલો ક્યાંય પહોંચાડતી નથી. તેમની રીતે તેઓ બરાબર છે. તેઓ ભગવાન બુદ્ધને અનુસરે છે અને અમે ભગવાન શ્રીકૃષ્ણને અનુસરીએ છીએ. બંને માર્ગ વચ્ચે ભિન્નતા છે; પરંતુ વિરોધ નથી! જીવનનું સ્વરૂપ એવું અગાધ, અફાટ અને રહસ્યપૂર્ણ છે કે તેમાં પરસ્પર વિરોધી લાગતી બાબતોને પણ યથોચિત સ્થાન છે. અનંતને પામવાના અનંત માર્ગ છે, તો વિરોધ કોનો કરવો? તેઓ પણ દલીલો કરવાના સ્વભાવના હોય તેમ લાગતું નથી. અમારે તો સત્સંગ કરવો છે, વિવાદ નહિ.

બૌદ્ધ ધર્મ જાગરણનો માર્ગ છે, ભગવાન કે દેવોની ઉપાસનાનો માર્ગ નથી, તે સાચું છે અને છતાં બૌદ્ધ ધર્મમાં પણ ભગવાન બુદ્ધની મૂર્તિઓ બની છે. તારા આદિ દેવીઓની ઉપાસના થાય છે અને અહીંના, આ કાલ્પાના

> **બૌદ્ધ ધર્મ જાગરણનો માર્ગ છે, ભગવાન કે દેવોની ઉપાસનાનો માર્ગ નથી, તે સાચું છે અને છતાં બૌદ્ધ ધર્મમાં પણ ભગવાન બુદ્ધની મૂર્તિઓ બની છે**

બૌદ્ધો તો ચંડી, દુર્ગાની ઉપાસના પણ કરે છે, એટલું જ નહિ બૌદ્ધ ધર્મનો પ્રારંભ ત્રિશરણથી થાય છે. ત્રિશરણ એટલે

बुद्धं शरणं गच्छामि।
धर्मं शरणं गच्छामि।
संघं शरणं गच्छामि।

તેમણે મને ભાવપૂર્વક સાચુકલું નિમંત્રણ આપ્યું, “આપની આવી આટલી જિજ્ઞાસા છે. તો આપ અહીં આવીને થોડો કે લાંબો સમય રહી શકો.”

નિમંત્રણ તો મને ગમ્યું; પરંતુ ગમતું બધું જ બની જ જાય, તેમ તો નથી ને!

હવે અમારો સત્સંગ થોડી જુદી દિશામાં ફંટાયો. મારા પૂછવાથી તેમણે મને આ પ્રાચીન ગામ કાલ્પાનો ઇતિહાસ કહ્યો.

આ કાલ્પા કિન્નોર પ્રદેશનું ઘણું પ્રાચીન ગામ છે. મધ્યયુગમાં કિન્નોર પ્રદેશમાં અનેક નાના-નાના રાજાઓ અને તેમનાં નાનાં-નાનાં રાજ્યો હતાં. તે કાળે કાલ્પા એક નાના રાજ્યની રાજધાની હતું. કાલ્પા જૂના હિન્દુસ્તાન તિબેટ રાજમાર્ગ પર વસેલું છે. જૂનો તિબેટ માર્ગ અને નવો તિબેટ માર્ગ સાવ એક નથી. હવે આ નવા ભારત-તિબેટ રાજમાર્ગનું સ્વરૂપ બદલાયું છે. હવે આ રાજમાર્ગ પાંવારીથી પસાર થાય છે. પાંવારીથી કાલ્પાનું સીધું અંતર બહુ નથી; પરંતુ મોટરમાર્ગે આ અંતર 20 કિ.મી. છે. હિમાચલ પ્રદેશની રાજધાની સિમલાથી કાલ્પા 260 કિ.મી. છે. કાલ્પા સમુદ્રની સપાટીથી 2759 મીટર ઊંચાઈ પર વસેલું છે. શિયાળામાં થોડી હિમવર્ષા થાય છે. તે સિવાય હવામાન ખુશનુમા હોય છે.

(ક્રમશઃ)

## આવતી કાલે અયોધ્યામાં યોજાશે

# ભવ્યાતિભવ્ય ધ્વજારોહણ મહોત્સવ



**સંસ્કૃતિ દર્શન**
**સનત દવે**

સનાતનીઓની શ્રધ્ધાના પ્રતીક અને રાષ્ટ્રને વૈશ્વિક કક્ષાએ વિશેષ ઓળખ આપતા અયોધ્યાના રામમંદિરના નિર્માણની પૂર્ણતા બાદ મંદિરના શિખર પર ધ્વજારોહણનો ભવ્યાતિભવ્ય કાર્યક્રમ આવતી કાલે તા. 25ના રોજ ઉજવાશે. દેશના વડા પ્રધાન નરેન્દ્રભાઇ મોદી, RSSના વડા મોહન ભાગવત, ઉ.પ્ર.ના મુખ્યમંત્રી યોગી આદિત્યનાથ, ઉ.પ્ર.ના રાજ્યપાલ આનંદીબહેન પટેલ સહિત હજારો VIP અને VVIPઓની ઉપસ્થિતિમાં આ મહોત્સવની ઉજવણીની તૈયારીઓ પૂર્ણ થઇ ગઇ છે. મુકેશ અંબાણી અને અમિતાભ બચ્ચન જેવા આઠ હજારથી વધુ મહાનુભાવોને ધ્વજારોહણ સમારંભનાં નિમંત્રણ મોકલાયાં છે. દેશભરની વિવિધ ધર્મસંસ્થાઓના મહંતો, સાધુ-સંતો સહિત વિદેશી મહેમાનો પણ આજ સાંજ સુધીમાં અયોધ્યા પહોંચી જશે. આજે આખી અયોધ્યાનગરી સોળ શણગાર સજી નવોઢાની જેમ શોભી રહી છે. અયોધ્યાના દરેક ચાર રસ્તાઓ પર આકર્ષક રંગબેરંગી રોશની અને ધ્વજા-પતાકાઓથી શોભતી કમાનો અને મંડપદ્વાર બનાવાયાં છે. અયોધ્યાવાસીઓએ તેમનાં રહેઠાણ અને દુકાનોને પણ ફૂલહાર, લાઈટો અને ભગવા ઝંડાઓથી સજાવી છે. પ્રશાસને સ્વાસ્થ્ય અને સુરક્ષા વ્યવસ્થામાં કોઇ કસર રાખી નથી. સ્થાનિક પોલીસ ઉપરાંત લશ્કરના સુરક્ષા દળોના જવાનો ખડેપગે છેલ્લા ચાર દિવસથી સુરક્ષા વ્યવસ્થા જાળવી રહ્યા છે. તાજેતરના દિલ્હી બોમ્બ બ્લાસ્ટ પછી કોઇ પણ અનૈચ્છિક બનાવ ના બને તેની તકેદારીરૂપે ડ્રોન, CCTV કેમેરા અને આધુનિક યંત્રો સાથેની વ્યવસ્થા ગોઠવાઇ રહી છે.

મંદિરોમાં ધજાનું વિશેષ મહત્ત્વ રહેલું છે. મંદિર નિર્માણશાસ્ત્રોમાં સોમપુરાઓએ લખ્યું છે કે મંદિર તો દેવસ્વરૂપ પવિત્ર શરીર છે. પાયા અને પગથિયાંઓ તેનાં ચરણ છે, સ્થંભો તેના ઘૂંટણ છે, મંદિરનું ગર્ભગૃહ એ હૃદય છે તો પ્રજ્જવલિત દીપ એ આત્માનું પ્રતીક છે. મંદિર પરનું શિખર મસ્તક છે અને ઉપર લહેરાતી ધજા એ શિખા છે. રડાર જેવું કામ કરતી આ શિખા બ્રહ્માંડમાંથી દૈવીશકિત અને સકારાત્મક ઊર્જાનાં તરંગોને ગ્રહીને મંદિરમાં ફેલાવે છે અને એટલે જ આપણે મંદિરોમાં પ્રવેશતાં એક અલૌકિક અનુભૂતિનો અહેસાસ કરતાં હોઈએ છીએ. જુદા જુદા સંપ્રદાયો અને ધર્મોને પોતાની ઓળખ મુજબ અલગ અલગ પ્રતીકો અને વિવિધ આકારોની ધજા હોય છે. ધજા શ્રેષ્ઠતાનું પ્રતીક છે. ધજા પૂર્ણતાનું પ્રતીક છે. મંદિરોનું નિર્માણ પૂર્ણ થયા બાદ ધજાનું આરોહણ કરાય છે. ધજા માટે એવું કહેવાય છે કે તે ત્રિકોણ, ડબલ ત્રિકોણ કે લંબચોરસ હોવી જોઈએ. તેની પહોળાઇ કરતાં લંબાઇ સવા બે ગણી હોવી જોઈએ. લંબાઇ વિશે મતમતાંતર હોઈ શકે પણ ધજામાં જે દંડ વપરાય તે ખેર, સીસમ, અર્જુન કે મહુડાના લાકડાનો સોલીડ હોવો જોઈએ. ઉપરાંત તાંબા, પિત્તળ કે સુવર્ણ જેવી ધાતુથી મઢાયેલો હોવો જોઈએ.

ગુજરાતમાં અંબાજી ધામ ખાતે, દ્વારકાધીશના મંદિરે ધ્વજા ચઢાવવાની વિશિષ્ટ પરંપરા રહી છે. વ્યકિતગત કે મંડળો અને વિવિધ સંઘો દ્વારા ધ્વજા ચઢાવવા પગપાળા યાત્રાઓ યોજાતી હોય છે. દ્વારિકાધીશ મંદિરે તો રોજ પાંચ વખત ધ્વજા ચઢાવાય છે. સવારે મંગળા આરતીની 7.30 વાગ્યે, શૃંગાર આરતીની સવારે 10.30 વાગ્યે, ત્યાર બાદ 11.30 કલાકે સાંજની આરતીની 7.45 કલાકે અને શયન આરતીની રાત્રે 8.30 કલાકે એમ પાંચ વખત જૂની ધ્વજા ઊતારી નવી ધ્વજા ચઢાવાય છે. રોજની પાંચ વખત ચઢાવાતી ધ્વજા પછી ધ્વજા ચઢાવનાર ભકતોની એટલી ભીડ હોય છે કે તમારે ધજા ચઢાવવી હોય તો વેઈટીંગમાં પણ સાત-આઠ વર્ષ પછી વારો આવતો હોય છે. ધ્વજા ચઢાવવા-ઊતારવાનો અધિકાર માત્ર અહીંના અબોટી બ્રાહ્મણોનો જ રહ્યો છે. દ્વારિકાધીશને ચઢાવાતી 52 ગજની ધ્વજા અંગે એવું કહેવાય છે કે 4 દિશા, 9 ગ્રહો, 12 રાશિઓ અને 27 નક્ષત્રોનો સરવાળો 52 થાય છે એવા તથ્ય ઉપરાંત એક એવી પણ માન્યતા છે કે મથુરાથી દ્વારિકામાં વસેલાં 56 યાદવોમાંથી કૃષ્ણ, બલરામ, અનિરુધ્ધ અને પ્રદ્યુમ્ન એ ચારેય અવતારી દેવ હોવાથી તેનાં મંદિરો છે પણ બાકી 52 યાદવોની યાદમાં 52 ગજની ધ્વજા ફરકાવવામાં આવે છે. એ મુજબ સુરેન્દ્રનગર પાસે આવેલ તરણેતરનો મેળો જ્યાં ભરાય છે ત્યાં ત્રિનેત્રેશ્વર મહાદેવ મંદિરના શિખર પર પણ 52 ગજની ધજા ચઢાવાય છે. સુરેન્દ્રનગરનો એક દરજી પરિવાર છેલ્લાં 35 વર્ષથી આ મંદિર માટે નિઃશુલ્ક આટલી મોટી ધ્વજા બનાવી આપે છે. આ ધ્વજા બનાવતાં તેને અંદાજે 22 દિવસ જેટલો સમય લાગે છે. વિવિધ રંગોની અને વિવિધ ચિહ્નોવાળી ધ્વજા દેવી-દેવતાઓના મંદિરને સંબંધિત હોય છે. જેમકે વિષ્ણુજીના મંદિર પરની ધ્વજામાં ગરુડનું પ્રતીક હોય છે તો શિવજીની ધજા પર વૃષભ, બ્રહ્માજીની ધજા પર કમળ તો ગણપતિની ધજા પર મૂષક, સૂર્યનારાયણની ધજા પર વ્યોમ તો દેવી દુર્ગાની ધજા પર સિંહ, કાર્તિકેયની ધજા પર મોર તો કામદેવની ધજા પર મકરનું ચિહ્ન અંકિત હોય છે.

આવતી કાલે અયોધ્યાના રામમંદિરના શિખર પર ધ્વજારોહણની ધ્વજા કેસરિયા રંગની અને 22 ફૂટ લંબાઈની તથા 11 ફૂટ ઊંચાઈની હશે, જેમાં ઓમ્ અને સૂર્યનું પ્રતીક અંકિત હશે. 191 ફૂટની ઊંચાઈએ આ ધ્વજ લહેરાશે. પેરાશૂટનું કાપડ હોય છે તે પ્રકારના નાયલોન-રેશમમિશ્રિત પોલિમર કાપડમાંથી બનાવાયેલા આ ધ્વજનું વજન માત્ર અઢી કિલોગ્રામ જેટલું જ હશે. અગાઉ ટ્રાયલ માટે ચેક કરેલ. ધ્વજનું વધુ વજન હોવાનાં કારણોસર ત્રણ વખત પાછો મોકલવો પડેલો. છેલ્લા પાંચ દિવસથી ધ્વજારોહણને જ અનુલક્ષી ધાર્મિક વિધિ, યજ્ઞ જેવાં ધર્મકાર્યો દક્ષિણના, પ.બંગાળના તથા ઉત્તરી પ્રદેશોના પ્રખર વિદ્વાન 108 કર્મકાંડી બ્રહ્મણો દ્વારા ચાલુ છે જેમાં મુખ્ય આચાર્ય પંડિત ગણેશ્વર શાસ્ત્રી દ્રાવિડ છે. ધ્વજારોહણનું મુહૂર્ત પણ આ શાસ્ત્રીએ જ કાઢયું છે. ધ્વજાના આરોહણ પછી ધ્વજાની ક્ષમતા ત્રણ વર્ષ સુધી સારી રહેવાની છે. પણ અહીં ચૈત્રી નવરાત્રી તથા શારદીય નવરાત્રીમાં એમ વર્ષ દરમ્યાન બે વખત જૂની ધ્વજા ઊતારીને નવી ધ્વજા ચઢાવાશે. રામમંદિર પરિસરનાં અન્ય સાત મંદિરો પણ તૈયાર હોવાથી ત્યાં પણ ધ્વજારોહણ કરાશે. મંદિરનો બીજો માળ પણ તૈયાર થવાનો હતો તો કદાચ એ પણ આવતી કાલથી દર્શનાર્થે ખુલ્લો મુકાશે. અહીં બીજે માળે વિવિધ ભાષાઓની રામાયણ, રામાયણની પૌરાણિક હસ્તપ્રતો, પાંડુ લિપિમાં લખાયેલી રામાયણ તથા રામાયણ-સ્પર્શી સાહિત્યનું પ્રદર્શન હશે.

આવતી કાલે ધ્વજારોહણના મહોત્સવમાં અયોધ્યા આવનાર નરેન્દ્રભાઇ મોદીનું ચાર કલાકનું રોકાણ હોવાની શકયતા છે. છેલ્લી ઘડીએ કોઇ ફેરફાર જો ના થાય તો એરપોર્ટથી મંદિર સુધીના સુશોભિત આઠ કિ.મી.ના માર્ગ પર રોડ-શો પણ યોજાશે. પ્રશાસન અને ટ્રસ્ટ દ્વારા ઉત્તમ કક્ષાની હોટેલોમાં અને ટેન્ટસીટીમાં વી.આઈ.પી.ઓ માટે પૂર્ણ સગવડદાયી વ્યવસ્થા કરાઈ છે. પધારેલા આઠ હજાર જેટલાં વી.આઇ.પી. મહાનુભાવોને સવારે નવ વાગ્યા સુધીમાં પોતાનું સ્થાન ગ્રહણ કરી લેવા ભારપૂર્વક જણાવાયું છે. મહત્ત્વપૂર્ણ બાબત તો એ છે કે સુરક્ષાનાં કારણોસર વી.આઇ.પી. મહેમાનોને પણ પોતાનો મોબાઈલ અંદર લઇ જવાની પરવાનગી આ વખતે નથી અપાઈ અને એટલા માટે મંદિર બહાર મંદિર ટ્રસ્ટ દ્વારા જ લોકરોની અનેકગણી સંખ્યા વધારાઇ છે. સુરક્ષાનાં જ કારણોસર વી.આઇ.પી. મહોમાનોને પણ આધાર કાર્ડ, નિમંત્રણ પત્રિકા અચૂક સાથે લાવવા માટે પણ ભારપૂર્વક કહેવાયું છે. તા. 25મીએ એટલે કે આવતી કાલે ધ્વજારોહણ માટે 11 થી 1.30 સુધીનું મુહૂર્ત કઢાયું છે તેથી 12 વાગે મહોત્સવનો પ્રારંભ થાય તેવી સંભાવના છે. ધ્વજારોહણ સમારંભ આ વખતે રાષ્ટ્રીય તહેવારની જેમ ઉજવાશે. ભારતીય સેનાની ત્રણેય પાંખના વડા હાજરી આપશે. વિધિવિધાન મુજબ ધ્વજારોહણ બાદ લશ્કરના સંગીત સાથે સેના અધિકારીઓ સલામી આપશે. વૈદિક મંત્રોચ્ચાર સાથે શંખનાદ, ઢોલ-નગારાં, ઝાંઝ-પખાજના ધ્વનિ સાથે મધ્યાહ્ન સમયે પણ ઉપસ્થિત લોકો સૌ ઝૂમી ઊઠશે.

આખાયે કાર્યક્રમને અયોધ્યાનાં 300 જેટલાં સ્થળ પર 200 ફૂટ લંબાઈના ગોઠવાયેલા વિશાળ LED સ્ક્રીન પર લોકો લાઇવ કાર્યક્રમ માણી શકશે. આજ તા. 24મીની મોડી સાંજથી રામલલ્લાનાં દર્શન બંધ કરી દેવાશે, જે આવતી કાલે ધ્વજારોહણના કાર્યક્રમ પછી ફક્ત પધારેલાં આઠ હજાર જેટલાં નિમંત્રિત મહેમાનો માટે જ દર્શનની વ્યવસ્થા થશે. અન્ય આમ-દર્શનાર્થીઓ માટે બુધવારથી રૂટિન મુજબ રામલલ્લાનાં દર્શન ખુલ્લાં મુકાશે.

શ્રી રામ જન્મભૂમિ તીર્થ ટ્રસ્ટ તરફથી દેશભરનાં સનાતનીઓને અપીલ કરી છે કે પોતાના ઘર પર, ઓફિસો, સંસ્થાઓ કે દુકાનો પર કેસરી રંગની ધ્વજા લહેરાવજો અને આ આનંદના અવસરમાં પરોક્ષ રીતે પણ સહભાગી થજો. જો કે સેવાભાવી કાર્યકરો અને સંસ્થાઓ દ્વારા ઘણી બધી જગ્યાએ ભગવા ઝંડાઓનું વિતરણ કરાયું છે અને આવતી કાલે ટ્રસ્ટની એવી ભાવના છે કે સવા કરોડ ભગવા ઝંડા દેશભરમાં લહેરાય. માત્ર અયોધ્યામાં જ 11000 ભગવા ઝંડાઓનું વિતરણ કરાયું છે તો આપણે પણ આજની મંગલ ઘડીને વધાવીને આપણા ઘર પર પણ ઓમ કે શ્રીરામ અંકિત કેસરિયો લહેરાવીએ.

> **મંદિર પરનું શિખર મસ્તક છે અને ઉપર લહેરાતી ધજા એ શિખા છે. રડાર જેવું કામ કરતી આ શિખા બ્રહ્માંડમાંથી દૈવીશકિત અને સકારાત્મક ઊર્જાનાં તરંગોને ગ્રહીને મંદિરમાં ફેલાવે છે અને એટલે જ આપણે મંદિરોમાં પ્રવેશતાં એક અલૌકિક અનુભૂતિનો અહેસાસ કરતાં હોઇએ છીએ**


## ॥ कृष्णस्तु भगवान स्वयम् ॥

**લેખાંક-૭૦**

# નંદજી ગોકુળમાં પરત

**અધ્યાત્મ દર્શન**
**અનુપ શાહ**

વસુદેવ અને નંદ વચ્ચે મથુરામાં વાર્તાલાપ થયો. વસુદેવે નંદજીને ભય વ્યક્ત કરતા વધુમાં કહ્યું કે, “કંસના એ નિર્ણયના કારણે કે છેલ્લા દશ દિવસ દરમ્યાન જે બાળકોનો જન્મ થયો હોય તેમને મારી નાખવામાં આવે, તેનાથી હું ખુબ ચિંતાતુર રહું છું. હવે બાળકો પર ઘણો ભય ઉત્પન્ન થયો છે. ઘણા વિઘ્નો આવવાની સંભાવના છે. માટે તમે જેમ તમારા પુત્રનું રક્ષણ કરો, તેમ મારા પુત્રનું પણ કરજો. વ્રજમાં કોઈ બાળદ્રોહી આવીને ખરાબી નહિ કરે તેની સાવચેતી રાખજો. તમારો પુત્ર અને મારો પુત્ર હમેશા સાથે જ રહે તેવી જ ગોઠવણ રાખજો. બાળકો હમેશા સ્વેચ્છાવિહારી અને અટકચાળા હોય છે, માટે તેઓ સર્પદંશ કે પશુ-પક્ષીના કરડવાથી ભોગ ન બને તેની પણ કાળજી લેજો. ધર્મપાલન, આર્થિક વિકાસ વગેરે બધાના સહયોગથી જ પાર પડે છે, આથી દરેક વ્યક્તિએ પોતાનું કર્તવ્ય સમજીને તમામ નાગરિકો, બાળકો, પશુઓ અને ગો-ધન નું રક્ષણ કરવું જોઈએ. વાતો ઘણી થઇ ગઈ, હવે મને લાગે છે કે તમારે અહી લાંબો વખત રોકાવું ન જોઈએ. હવે પરોઢિયું થવા આવ્યું છે માટે તરત ગોકુળ તરફ પ્રયાણ શરૂ કરી દેવું જોઈએ.”



વસુદેવના વચનો સાંભળી તેમની સલાહ ખોટી તો નહિ જ હોય, તેમ સમજી નંદે તે જ વખતે ગોકુળ તરફ પ્રયાણ શરૂ કર્યું. અહી એક વાતની નોંધ લઈએ કે વસુદેવ ક્ષત્રિય હતા અને નંદ વૈશ્ય હતા. ક્ષત્રિયનો ધર્મ છે કે તેઓ પ્રજાની રક્ષા કરે અને વૈશ્યનો ધર્મ છે ગાયોને સુરક્ષા પ્રદાન કરે. ગોકુળ તરફ જતી વખતે રસ્તામાં તેમના મનમાં વસુદેવ દ્વારા વ્યક્ત કરાયેલા ભય પર વિચાર કરતા રહ્યા કે ‘કંસે છેલ્લા દશ દિવસમાં જન્મ પામેલા તમામ બાળકોને મારવાનું નક્કી કર્યું છે. હવે બાળકો પર ઘણો ભય ઉત્પન્ન થયો છે. ઘણા વિઘ્નો આવવાની સંભાવના છે’. આવા વિચારોથી ભય અને ખેદ પામેલા નંદ, ઠંડા પવનવાળા, ભરપુર જળવાળા અને લોકોની ઓછી અવરજવરવાળા યમુનાના કિનારાના રસ્તેથી તેમની સાથે રહેલા ગ્રામજનો સાથે ચાલી નીકળ્યા.

યમુનાના કિનારાનો શીતળ સ્પર્શ અને પક્ષીઓનો અવાજ ખુબ મધુર લાગતો હતો અને મનને આનંદથી તરબોળ કરી દેતો હતો. તેઓ વ્રજભૂમિમાં આવી પહોચ્યા ત્યારે વાછરડાઓના અને ગાયોના ‘હંભા’ ઉચ્ચારણ વાતાવરણને આહલાદક બનાવી રહ્યું હતું. લીલા અને પીળા વસ્ત્રો પહેરેલી ગોપીઓ અને ગોપ કન્યાઓ કસાયેલા વસ્ત્રો પહેરી, માથા પર ઘડો લઇ ગોરસ વેચવા નીકળી હતી. અગ્નિ પર તાવવા મુકેલું માખણ મનોહર સુગંધ ફેલાવી રહ્યું હતું. દહીં વલોવતી ગોપીઓ દ્વારા ગાગરમાં દહીં વલોવવાની ક્રિયાથી ઉત્પન્ન થતા ગોપીઓના કંકણોના તાલબદ્ધ અવાજો કાનને બહુ આનંદ આપતા હતા. અને તેમના દ્વારા ગવાતા માંગલિક ગીતોના જાણે આકાશમાં પડઘા પડતા હતા. છાણ અને અડાયાઓથી ધરતી છવાઈ રહી હતી. મોટા મોટા વૃક્ષો ગામની આસપાસ પ્રબળ કિલ્લાનું કામ કરતા હતા. સઘળા મનુષ્યો તંદુરસ્ત લાગી રહ્યા હતા. ગામના રક્ષણ માટે નીમાયેલા સીમરખાઓ (સિપાહીઓ) હાથમાં શસ્રો રાખી ચોકી કરી રહ્યા હતા. નંદ આવી રહ્યા છે તે ખબર સાંભળી વ્રજવાસીઓ પ્રીતિપૂર્વક સામૈયું કરી તેમને ગામમાં તેડી લાવ્યા. ગામમાં આવી નંદ, વસુદેવની સલાહ પ્રમાણે બાળકોના વધુ રક્ષણ માટે બંદોબસ્ત કરવામાં લાગી ગયા, અને સિપાહીઓને વધુ ચોક્કસ રહેવાની સુચના આપવા માંડ્યા.

અહીંથી આગળ આપણે ભગવાન શ્રીકૃષ્ણની અન્ય લીલાઓને સમજવાનો પ્રયત્ન કરવો છે. અત્યાર સુધી આપણે એ બે લીલા સમજવાનો પ્રયત્ન કર્યો કે જે શ્રીમદ ભાગવતમાં નથી. ભગવાને પોતાની લીલાઓ ત્રણે પ્રકારના એટલે કે ‘રાજસ’, ‘તામસ’ અને ‘સાત્ત્વિક’ એમ ત્રિવિધ પ્રકારના ભક્તો માટે કરી હતી. જેમાં તામસ પ્રકારમાં લૌકિક જીવો મુખ્ય છે. ભગવાનની ચાર લીલા કે જે ‘બાળલીલા’, ‘મધ્યલીલા’, ‘પ્રૌઢલીલા’ અને ‘કામલીલા’ તરીકે ઓળખાય છે તેનું શ્રવણ આ લોકમાં સુખ આપનાર છે. આનું કારણ એ છે કે ભગવાનનું એક નાનું કાર્ય પણ અનેક અર્થોને સિદ્ધ કરનારું હોય છે. માટે ‘આમાંની કોઈ પણ લીલા ભક્તોને પ્રપંચ ભુલાવી પ્રભુમાં આસક્તિ વધારનારી છે’. જે લીલા વડે ત્રિવિધ ભક્તો સંસારના પ્રપંચને ભૂલી જાય અને પ્રભુમાં આસક્તિ બતાવે તે લીલા વડે થતું કાર્ય ‘ભગવત કાર્ય’ કહેવાય છે.

હવે પછીના લેખોમાં શ્રીમદ ભાગવતનો આધાર લઈ બાકીની ‘બાળલીલા’ સમજવા પ્રયત્ન કરીશું. શ્રીમદ ભાગવતમાં આઠ પ્રકારની બાળલીલાઓ બતાવવામાં આવી છે. જેમાં

1. બાળભાવમાં આસક્ત હોય તેમના માટે,
2. ઉત્સવમાં જે આવેશવાળા હોય તેમના માટે,
3. આશ્ચર્યરસમાં જે આસક્ત હોય તેમના માટે,
4. અલૌકિક ભાવમાં જે આસક્ત હોય તેમના માટે,
5. ઉપદ્રવમાં જે આસક્ત હોય તેમના માટે,
6. સ્ત્રી સ્વભાવમાં આસક્ત હોય તેમના માટે,
7. લૌકિકતત્વમાં રત હોય તેમના માટે અને
8. સર્વપ્રકારે સાંસારિક રીતે રત હોય તેમના માટે.

આમ આઠે પ્રકારના ભક્તોને પ્રપંચ ભુલાવી પ્રભુમાં આસક્તિ વધારવાનું કાર્ય આ લીલાઓ કરે છે. (ક્રમશઃ)

> **નંદ આવી રહ્યા છે તે ખબર સાંભળી વ્રજવાસીઓ પ્રીતિપૂર્વક સામૈયું કરી તેમને ગામમાં તેડી લાવ્યા. ગામમાં આવી નંદ, વસુદેવની સલાહ પ્રમાણે બાળકોના વધુ રક્ષણ માટે બંદોબસ્ત કરવામાં લાગી ગયા**